# આજે પ્રમુખ સ્વામીના પાર્થિવદેહનો અંતિમ સંસ્કાર

## સાળંગપુરમાં અંતિમવિધિની તૈયારી પૂર્ણ : મંદિર સંકુલમાં આજે શાસ્ત્રીજી મહારાજ, સ્વામિનારાયણ ભગવાનની પ્રતિમાની નજીક અંતિમસંસ્કાર કરાશે

અમદાવાદ, તા.૧૬

પ્રમુખ સ્વામી મહારાજના અંતિમ દર્શન માટે લાખો હરિભક્તો અવિરત પહોંચી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અંતિમ દર્શન કરી ચુક્યા છે. શનિવારના દિવસે સાંજે છ વાગે પ્રમુખ સ્વામી મહારાજ સાળંગપુર ખાતે બ્રહ્મલીન થઈ ગયા બાદથી વિશ્વભરમાં શોકની લાગણી ફરી વળી છે. હરિભક્તોના દર્શન માટે પાર્થિવદેહને રાખવામાં આવ્યા બાદ હવે આવતીકાલે ત્રણ વાગે બાપાની અંતિમવિધિ કરવામાં આવનાર છે. ૧૭મી ઓગસ્ટ ત્રણ વાગ્યે બાપાની અંતિમવિધિ હોવાથી બપોર બાદ દર્શન બંધ કરવા માટે મંદિર દ્વારા નિર્ણય લેવાયો છે. દેશ દુનિયામાં ધર્મનો પ્રચાર કરનાર બાપાની અંતિમવિધિ કેવી રીતે કરવામાં આવશે. તેવો પ્રશ્ન પણ હરિભક્તો સહિતના લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. બાપાના પાર્થિવ દેહનો જે જગ્યા પર અંતિમ સંસ્કાર કરવામાં આવનાર છે તે જગ્યાએ સંસ્થા દ્વારા વિવિધ તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ બાપાની ઈચ્છા મુજબ સાળંગપુર સ્થિત મંદિર સંકુલમાં શાસ્ત્રીજી મહારાજ અને સ્વામિનારાયણ ભગવાનની પ્રતિમાની સામે પ્રમુખ સ્વામી મહારાજના નશ્વરદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. પ્રમુખ સ્વામીની જ્યાં અંતિમ વિધિ કરવામાં આવશે તે જગ્યા એક ગોળાકાર જગ્યા છે અને આ જગ્યા મંદિરની બિલકુલ સામે આવેલી છે. હિન્દુ પરંપરા મુજબ સમગ્ર વિધિ કરવામાં આવનાર છે. સૌથી પહેલા વૈદિક મંત્રોચ્ચાર કરવામાં આવશે. ત્યારબાદ પૂજાવિધિ કરવામાં આવશે. પ્રમુખ સ્વામીના પાર્થિવદેહની પંચામૃત સ્નાનવિધિ કરવામાં આવશે. આના માટે દૂધ, દહીં, ઘી જેવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે તેમ સૂત્રોએ જણાવ્યું છે. આ વિધિ બાદ ફરી શુદ્ધ પાણીથી સ્નાન કરાવી વસ્ત્ર પહેરાવવામાં આવશે. આ દરમિયાન દરેક સંતો સ્નાન કરાવશે. અન્ય સંતો ચરણસ્પર્શ કરી દર્શન કરશે. ત્યારબાદ પ્રમુખ સ્વામીનો ગંગાજળ પિવડાવવામાં આવશે. આરતી કરવામાં આવશે. ભક્તો દ્વારા પ્રદક્ષિણા કરવામાં આવ્યા બાદ અગ્નિદાહ આપવામાં આવશે. ચંદનના લાકડા અને ઘીનો ઉપયોગ કરીને અગ્નિદાહ આપવામાં આવશે. પ્રાપ્ત માહિતી મુજબ બાપાના નશ્વરદેહને બાપ્સના નવા વડા મહંત સ્વામી અને ડોક્ટર સ્વામી જેવા સંસ્થાના પ્રમુખ સંતો દ્વારા મુખાગ્નિ આપવામાં આવશે.



### અંતિમવિધિ કઈ રીતે થશે...

**ચંદનના લાકડા, ઘીનો ઉપયોગ કરી અગ્નિદાહ : પાર્થિવદેહની પંચામૃત સ્નાનવિધિ થશે : દુધ, દહીં, ઘી, મધ જેવી વસ્તુઓનો ઉપયોગ : સંતો ફરી સ્નાન કરાવશે**

પ્રમુખ સ્વામી મહારાજ બ્રહ્મલીન થયા બાદથી અંતિમ દર્શનનો દોર જારી રહ્યો છે. હવે આવતીકાલે ૧૭મી ઓગસ્ટના દિવસે તેમની અંતિમ વિધિ કરવામાં આવનાર છે. અંતિમ દર્શનમાં લાખો ભક્તો ઉમટી રહ્યા છે. પ્રમુખ સ્વામી મહારાજની અંતિમ વિધિ કઈ રીતે થશે તેની ચર્ચા છે ત્યારે તેમની અંતિમવિધિને લઈને પણ તૈયારી કરાઈ છે જે નીચે મુજબ છે.

- શોસ્રોક વિધિ પ્રમાણે પ્રમુખસ્વામીની અંતિમવિધિ કરવામાં આવશે, હિન્દુ પરંપરા પ્રમાણે વિધિ
- સૌથી પહેલા વૈદિક મંત્રોચ્ચાર કરવામાં આવશે, ત્યારબાદ પુજા કરવામાં આવશે
- પ્રમુખસ્વામીના પાર્થિવ દેહની પંચામૃત સ્નાન વિધિ કરવામાં આવશે. આ માટે દુધ, દહીં, ઘી, મધ જેવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવશે
- ત્યાર બાદ ફરી શુદ્ધ પાણીથી સ્નાન કરાવી એક કપડુ પહેરાવવામાં આવશે
- આ દરમ્યાન દરેક સંતો સ્નાન કરાવશે અથવા મુખ્ય સંત આ વિધિ કરશે અને અન્ય સંતો ચરણસ્પર્શ કરીને દર્શન કરશે
- બાદમાં બાપાને ગંગા જળ પીવડાવવામાં આવશે
- આરતી ઉતારવામાં આવશે, ભક્તો દ્વારા પ્રદક્ષિણ કર્યા બાદ અગ્નિદાહ આપવામાં આવશે
- ચંદનના લાકડા અને ધીનો ઉપયોગ કરીને તેમને અગ્નિદાહ આપવામાં આવનારો છે
- બાપાના નશ્વર દેહને બીએપીએસના નવા વડા મહંત સ્વામી અને ડોક્ટર સ્વામી જેવા સંસ્થાના પ્રમુખ સંતો દ્વારા મુખાગ્નિ આપવામાં આવશે

### ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગરની પ્રજાપિતા બ્રહ્માકુમારીય ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સિવિલ હોસ્પિટલના કર્મયોગીઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરાઈ હતી.
- ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે વરદાયિની માતાના મંદિરના જિર્ણોદ્ધારની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલ અને વીસ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન ચારેલે તેમની ચેમ્બરની બેઠક વ્યવસ્થામાં બદલાવ કર્યો છે.
- બે દિવસની રજાઓ હોવાથી આજે કચેરીઓમાં કર્મચારીઓની ગેરહાજરી વધુ જોવા મળી હતી.
- ગાંધીનગરના ભાટ નજીક આવેલ પ્લાઝમા ઈન્સ્ટીટ્યુટમાં વાહકજન્ય રોગચાળો અંગે એક રસપ્રદ સેમિનાર ગઈકાલે યોજાયો હતો. જેમાં અમદાવાદ મહાનગરપાલિકા અને જિલ્લા મેલેરિયા તંત્રની ટીમે સંયુક્ત રીતે પ્રેઝન્ટેશન,સમજ આપતા પ્રવચનો કરી સૌના દિલ જીતી લીધા હતા.
- આજે જિલ્લા કોંગ્રેસ સમિતિ તેમજ શહેર કોંગ્રેસ સમિતિ અને તાલુકા કોંગ્રેસ સમિતિની બેઠકોને લઈ બેસવાની તકલીફો ઉભી થતાં તબક્કાવાર બેઠકો યોજવી પડી હતી.

### બાપાનું સદાય ઋણી...

● ત્રીજા પાનાનું ચાલુ

લેવાયો. આ માટે અનેક માધ્યમોના અભ્યાસ બાદ અંતે નાના નાના પૂતળાઓ સાથેના ટેબ્લોઝમાં પ્રસંગોને પ્રસ્તુત કરવા નિશ્ચિત કરવામાં



આવ્યુ. પ્રદર્શન સાથેના સ્મારકનું સ્થાપત્યની રચના માટે કેટલાક પ્રસિદ્ધ આર્કિટેક્સને ડિઝાઈન માટે આમંત્રણ અપાયું. જેમાંથી વડોદરાના સુપ્રસિદ્ધ આર્કિટેક્ટ સુર્યકાંતભાઈ પટેલે બનાવેલ ડિઝાઈન પસંદ કરાઈ. જો કે તેમણે તૈયાર કરેલ ડિઝાઈનમાં સિમેન્ટ-કોંક્રિટનું સ્થાપત્ય હતુ પરંતુ પૂ. સ્વામીએ સૂચવ્યું કે “સિમેન્ટ-કોંક્રિટનું સ્થાપત્યનું આયુષ્ય કેટલું ? બહુ બહુ તો સો વર્ષ, આપણે તો હજારો વર્ષ સુધી માનવજાતને પ્રેરિત કરતુ રહે તેવું સ્થાપત્ય નિર્માણ કરવું છે. તે માટે ઉત્તમ પ્રકારના પથ્થરમાંથી જ તેનું નિર્માણ થવુ જોઈએ.” વિવિધ વિકલ્પોમાંથી રાસાયણિક કસોટીઓના આધારે આગ્રા-ભરતપુર પાસેના બંસી પહાડપુરનો ગુલાબી પથ્થર સ્વામીજીને પસંદ પડ્યો. પથ્થરનું સ્મારક રચવા ગુજરાતના પ્રસિદ્ધ સોમપુરાઓને આહ્વાન આપવામાં આવ્યું. અને ભારતના સુપ્રસિદ્ધ સ્થપતિ તથા સુવિખ્યાત સોમનાથ મંદિરના મુખ્ય સ્થપતિ પદ્મશ્રી પ્રભાશંકર સોમપુરાની એક ડિઝાઈન પર સ્વામીજીએ પસંદગીની મહોર મારી હતી.

સૌપ્રથમ ડિઝાઈનમાં મંદિર ચતુષ્કોણીય શિખર ધરાવતુ હતુ પરંતુ પૂ. સ્વામીએ તેને અષ્ટકોણ કરવાની સૂચના આપી તેમજ યોગ્ય સ્થાને ઘુમ્મટ-દેરીઓ ઉમેરવા જણાવ્યું હતું. વર્ષ ૧૯૭૯માં આ તબક્કો પૂર્ણ થયો અને તા. ૨૪મી ડિસેમ્બરના રોજ ભક્તોના ગગનભેદી જયનાદો વચ્ચે સ્વામીજીના સ્વહસ્તે અક્ષરધામનું વેદોક્ત શિલારોપણ કરવામાં આવ્યું. શિલારોપણના ગર્ભમાં નિધિકુંભ સાથે ભગવાન સ્વામિનારાયણનો



અસ્થિકુંભ પણ પધરાવવામાં આવ્યો. આ પ્રસંગે તત્કાલીન મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. સ્મારકના પાયા ખોદવામાં સત્સંગી યુવાનો અને સંતોએ શ્રમ યજ્ઞો કર્યા અને ૧૨ ફૂટના પાયા ભક્તિભાવપૂર્વક ગાળ્યા. વર્ષ ૧૯૮૦માં પાયા-પુરણી થઈ હતી. સને ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણનો દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવવાની પ્રવૃત્તી વેગવંતી હતી જે પૂર્ણ થયા બાદ પુનઃ અક્ષરધામનું નિર્માણકાર્ય આગળ ધપ્યું. બાંધકામના તમામ સ્તરે પૂ. પ્રમુખ સ્વામી મુલાકાત લેતા રહેતા હતા. ભોંયતળીયાનું કાર્ય સંપન્ન થયુ ત્યારે અક્ષરધામનું પ્રવેશમુખ પૂર્વ દિશામાં ‘જ’ માર્ગ તરફ હતો. પૂ. સ્વામીએ નોંધ્યુ કે તેના કારણે સ્મારક સન્મુખ ખૂબ જ ઓછી જગ્યા શેષ બચતી હતી. ૧૦૮ ફૂટ ઊંચા, ૧૩૧ ફૂટ પહોળા અને ૨૪૦ ફૂટ લાંબા ભવ્ય સ્મારકને માણવા આગળ થોડી વિશેષ જગ્યા હોવી જોઈએ. તેથી તેમણે સૂચવ્યું કે આગળના ભાગમાં વિશાળ જમીન હોય, બાગ-બગીચા-ફૂવારાઓથી સુશોભિત હોય તો સ્મારકની શોભા વધી જાય તેથી અક્ષરધામનું પ્રવેશમુખ ૯૦ અંશે ડાભી તરફ કરવાનો સ્વામીજીએ નિર્ણય લીધો. આ સાથે તેઓ નિર્માણકાર્યને લગતા સૂચનો આવકારતા રહ્યાં જેમાં સ્મારકભવનની આગળ એક વિશાળ પીઠિકા અને બે ઊંચા સ્તંભો સાથેનું પ્રવેશદ્વાર તેમજ ઊંચી છત હોવી જોઈએ તે સૂચનનો સ્વીકાર કર્યો.

અમદાવાદ ખાતે વર્ષ ૧૯૮૧માં સંસ્થાનો પ્રથમ આંતરરાષ્ટ્રીય મહોત્સવ “ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ” ઉજવાયો તેમાં ત્રિ-પારિમાણિક દશ્યો સાથે ભગવાન સ્વામિનારાયણનું જીવન પ્રદર્શિત કરાયું હતું. અભૂતપૂર્વ આવકાર પામેલ આ પ્રદર્શનને ગાંધીનગર ખાતે પ્રાયોગિક ધોરણે સ્થળાંતરિત કરી જાહેર જનતા માટે ખુલ્લુ મુકાયું.

હવે અક્ષરધામ બે સમાંતર પ્રક્રિયાઓમાંથી પસાર થઈ રહ્યું હતું, એક શિલ્પાકૃત ગુલાબી પથ્થરોમાંથી સ્મારકની નિર્માણ પ્રક્રિયા અને બીજુ સ્મારકભવનની આંતરિક સજાવટની પ્રક્રિયા તથા પ્રદર્શનોની રજૂઆતની પ્રક્રિયા. પૂ. સ્વામીએ એક વિચાર આપ્યો કે સ્મારક એ માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયીઓ માટેનું જ ના બનવું જોઈએ પરંતુ દેશનું સાંસ્કૃતિક તિર્થ બનવું જોઈએ. કારણકે ભગવાન સ્વામિનારાયણ ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર હતા. આ વિચારને અનુલક્ષીને ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યો તથા ભવ્ય વારસાને રજૂ કરવા ભગવાન સ્વામિનારાયણના જીવનના સો શ્રેષ્ઠ જીવન પ્રસંગોની સાથે નક્કર સંદેશ આપતા ઉપનિષદ અને મહાભારતના સો પ્રસંગોનું પણ રજુ કરવાની વિચારણા કરાઈ. વર્ષ ૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો શતાબ્દી મહોત્સવ ઉજવવાનો હતો ત્યારે આ ભવ્ય સ્મારકના ઉદ્‌ઘાટનનો નિર્ણય લેવાઈ ચુક્યો હતો. પરંતુ પ્રમુખ સ્વામીએ કહ્યું “આટલા સુંદર સ્મારકના આયોજનના વિશેષ માર્ગદર્શન માટે સંતો વિશ્વના શ્રેષ્ઠ મ્યુઝિયમો, પ્રદર્શનોનો અભ્યાસ કરે. ભલે થોડો સમય વધુ લાગે પણ સ્મારક સર્વોપરી બનાવવું છે. ૧૯૮૫માં સ્મારકભવનનું નિર્માણકાર્ય પૂર્ણ થયું. ૧૯૮૬ના અંતમાં સતત ચાર માસ સુધી સ્વામીજીના આદેશથી સંતોએ વિશ્વના પૂર્વ-પશ્ચિમમાં શ્રેષ્ઠ પ્રદર્શનો, સંગ્રહાલયો વગેરેની શૈક્ષણિક યાત્રા કરી જેના પરિપાકરૂપે અક્ષરધામના



‘સ્મારક’ શબ્દનો જાણે નવો જ દેહ ઘડાયો. ખૂબ જ ધીરજના અંતે જરૂરી જમીનો પ્રાપ્ત થતાં આઠ એકરની ધરતી પર અક્ષરધામ સ્મારક, આર્ષ સંસ્થા, પ્રદર્શન પ્રાસાદોની રચના તેમજ આગળના ભાગમાં પંદર એકરની ધરતી પર સહજાનંદવનને સમાવતો નકશો તૈયાર થયો અને તેને આધારે ૧૯૮૮માં નૂતન નિર્માણનો પ્રારંભ કરાયો. વર્ષ ૧૯૯૦-૯૧ના વર્ષોમાં અક્ષરધામની આંતરિક સજાવટના અંતિમ સોપાનોની પ્રક્રિયા પ્રારંભ થઈ.

વર્ષ ૧૯૯૨ની ૧૫મી ઓક્ટોબરના દિવસે અક્ષરધામ સંકુલના પાછળના ભાગમાં છ માસથી તૈયાર થઈ રહેલ ભગવાન સ્વામિનારાયણની સુવર્ણમંડિત મૂર્તિને મૂળ સ્થાને ગોઠવવામાં આવી. આ કાર્ય માટે કોઈ મોટી જાહેરાત નહોતી કરાઈ પરંતુ આયોજકો માટે આ દિવસ સ્વયં એક વિરલ સિદ્ધિ સમો હતો. મૂર્તિ સર્જનના દરેક સોપાને પૂ. પ્રમુખસ્વામીએ વિશેષ રસ લીધો હતો અને રાજકોટના શાંતિભાઈ છનિયારાના માર્ગદર્શન હેઠળ ૨૦૦ સ્વયંસેવકોએ એકબળથી ૧ ટન વજન ધરાવતી મૂર્તિને વહન કરી ૧૨ ફૂટના પગથિયા ચઢાવી પ્રસ્થાપિત કરી હતી. શિલ્પકામ, રંગકામ, ધોલાઈ-પોલીશિંગ, બાગકામ, પ્રકાશકાર્ય, કોમ્પ્યુટર સીસ્ટમ્સનું ઈન્સ્ટોલેશન, ફર્નિશીંગ,



ફિનિશીંગ તમામ કાર્યો માત્ર એક વર્ષની અવધિમાં આટોપવામાં આવ્યા. અંતે વર્ષ ૧૯૯૨માં ૩૦મી ઓક્ટોબરે લાભપાંચમના શુભ દિવસે પૂ. પ્રમુખસ્વામીએ “અક્ષરધામ”નું ઉદ્‌ઘાટન કર્યુ. ઉદ્‌ઘાટન બાદ તા. ૨જી નવેમ્બરે જાહેર જનતા માટે લોકાર્પણ સમારોહ યોજાયો જેમાં હજ્જારોની સંખ્યામાં ભાવિકભક્તો ઉમટી પડ્યા હતા અને પૂ. સ્વામીજીએ તેમને આશિર્વચન આપતા કહ્યું કે “ભગવાન સ્વામિનારાયણ આ લોકમાં પધાર્યા, એમના સ્વરૂપનું જ્ઞાન થાય તે માટે પોતાનું ધામ. અક્ષરધામ સાથે લાવ્યાં જ્યાં માયાનો ભાવ નથી. મીરાં-નરસિંહ હૃદયની ભક્તિ કરી તો ભગવાન પ્રગટ થયાં તેમ અનેકના હૃદયની ભક્તિથી અક્ષરધામ બન્યું છે. આ અક્ષરધામની સ્મૃતિ રહેશે તો બ્રહ્મભાવ થશે ને હૃદયમાં મૂર્તિ રહેશે. આ સ્મૃતિ થઈ એટલે આપણો છેલ્લો જન્મ. અહીં જે આવ્યા ને આવશે એમણે બીજો જન્મ નહીં લેવો પડે.”

### અંતિમસંસ્કાર વિધિમાં અમિત શાહ, અડવાણી ઉપસ્થિત હશે

અમદાવાદ, તા.૧૬

સ્વામીનારાયણ સંપ્રદાયના વડા પ્રમુખ સ્વામીની આવતીકાલે બુધવારે સાળંગપુર ખાતે થનારા અંતિમ સંસ્કારમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ તથા ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી હાજરી આપશે.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આજે રાત્રે અમદાવાદ આવી પહોચ્યા હતા. જ્યારે લાલકૃષ્ણ અડવાણી આવતીકાલે સવારે ૯.૦૦ વાગ્યે અમદાવાદ આવશે અને બપોરે ૧૨.૦૦ વાગ્યે સાળંગપુર ખાતે પ્રમુખ સ્વામી મહરાજની અંતિમ વિધીમાં આ બંને નેતાઓ ખાસ હાજરી આપશે.

## અમદાવાદ : બંદૂકની અણીએ ૫ લાખની દિલધડક લૂંટ કરાઈ

અમદાવાદ, તા.૧૬

શહેરના પ્રહલાદનગર વિસ્તારમાં આજે ધોળાદિવસે અકસ્માત સર્જીને ગાડી ઉભી રખાવીને લૂંટારૂઓ એ ૫ લાખની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચારી મચી જવા પામી હતી. બાઈક પર આવેલા ૩ લૂંટારૂઓ બંદુક અને ચપ્પાની અણીએ ૫ લાખની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં કપનીના કર્મચારીઓ કલેકશનના રૂપિયા લઈ જતા હતા તે દરમ્યાન ઘટના બની હતી. આ ઘટનામાં એક કર્મચારી ઈજાગ્રસ્ત થયો હતો જેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે. આ ઘટનાની જાણ આંનદનગર પોલીસને કરતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો મુજબ, શહેરના મેમનગર પર રાયટર સેફ ગાર્ડ કંપની આવેલી છે આજે ધોળા દિવસે રાયટર સેફગાર્ડ કંપનીના ડ્રાઈવર દેવેન્દ્ર બળદેવભાઈ વ્યાસ અને કેશિયર અજય શીવપાલ યાદવ નામના કર્મચારીઓ મેમનગર ખાતેની ઓફીસથી પૈસા લઈને નીકળ્યા હતા. ત્યારબાદ ૧૧.૩૦ વાગ્યાની સુમારે પ્રહલાદનગર ગાર્ડન પાસે આવેલા ટોરેન્ટ પાવર પાસે પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન શેલ્બી હોસ્પિટલ તરફથી બાઈક પર ૩ શખ્સો આવ્યા હતા અને ગાડી સાથે જાણી જોઈને સામાન્ય અકસ્માત સર્જ્યો હતો. ઘટનાને પગલે ડ્રાઈવર દેવેન્દ્ર વ્યાસે ગાડી રોકયો હતો.

### પેકેજ અપાશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિજરત કરી ચુક્યા છે. અધિકારીઓએ કહ્યુ છે કે મોદી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા વન ટાઈમ સેટલમેન્ટ પગલાની અસર જોવા મળનાર છે. વર્ષ ૧૯૪૭, ૧૯૬૫ અને ૧૯૭૧માં જમ્મુ કાશ્મીરમાં હિજરત કરીને આવેલા પોકના ૩૬૦૦૦ પરિવારને વન ટાઈમ સેટલમેન્ટ પગલાની અસર થશે. કાશ્મીર અંગે સંર્વપક્ષીય બેઠક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોક, ગિલગિટ અને બલોચિસ્તાનના નિષ્ણાંત લોકોના સંપર્કમાં રહેવા વિદેશ અને ગૃહ મંત્રાલયને આદેશ કર્યો હતો. પાકિસ્તાન સામે તેમની અપીલને જોરદાર પ્રતિસાદ મળવા બદલ મોદીએ તમામ લોકોનો આભાર માન્યો છે. રાજ્ય સરકાર સાથે વાતચીત કરીને તમામ નાણાં જારી કરવામાં આવનાર છે. આગામી દિવસોમાં પોકના મામલે ભારત અને પાકિસ્તાન આમને સામને રહે તેવી શકયતા છે. પાકિસ્તાન કબજા હેઠળના પોકમાં હાલ લોકોમાં નારાજગી છે.અધિકારીઓના કહેવા મુજબ ૨૦૦૦ કરોડ રૂપિયા રિસેટલમેન્ટ ફંડ તરીકે જારી કરવામાં આવશે જે પોક શરણાર્થીઓ માટે રહેશે. શરણાર્થીઓના આંકડા એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

### હાજર નહિ રહે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુદ્દો જોરદારરીતે ચમક્યો હતો. સંસદમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, તેમના ભાષણને જીવંતરીતે દર્શાવાયું હતું કે કેમ તે અંગે તેમની પાસે માહિતી ન હતી. રાજનાથસિંહે એમ પણ કહ્યું હતું કે, દૂરદર્શન, એએનઆઈ, પીટીઆઈના રિપોર્ટરો તેમની સાથે હતા પરંતુ તેમને પ્રવેશ કરવાની મંજુરી આપવામાં આવી ન હતી. રાજનાથસિંહે સ્પષ્ટતા કરી હતી કે, પાકિસ્તાનમાં તેમની સાથે યોગ્ય રીતે વર્તન કરવામાં આવ્યું ન હતું. આજ કારણસર તેઓ સાર્ક પ્રધાનોની બેઠક દરમિયાન તેમના સમકક્ષો દ્વારા આયોજિત લંચમાં જોડાયા ન હતા.

### નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

તેમના ખંડમાં પ્રવેશ્યો તો તેઓ ટેલિફોન પર વાત કરતા હતા. તેમની વાત પતી એટલે મેં મારી વ્યથા રજૂ કરી. ‘સર, આજકાલ મૂલ્યો પર આધારિત રાજનીતિનો શોરબકોર તો બહુ સાંભળવા મળી રહ્યો છે પણ તેનો અમલ થતો હોય એમ લાગતું નથી. તમારા વિભાગના અધિકારી કામ કરી આપવા માટે મારી પાસે રુશ્વત માંગે છે. તેથી જરા ખુલાસો કરો કે આ કામ માનવીય મૂલ્યોથી થશે કે પછી કાગળની નોટોથી.’

મંત્રીજી હસી પડ્યા અને બોલ્યા. ‘ભાઈ તમે બહુ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો. ભાઈ મૂલ્યોની રાજનીતિ બાબતમાં મારી સમજ મુજબ તો મુલ્યનો આશય તેની કિંમત જે રૂપિયા-પૈસામાં આંકવામાં આવે છે એ જ કહેવાય. કોઈ મોલ ભાવ વગર આજના અર્થપ્રધાન જમાનામાં કંઈ પણ થાય જ નહીં. પણ મારું કામ તો બિલકુલ નિયમાનુસાર થવાનુ છે. તેમાં મારે પૈસા શા માટે આપવા પડે? ‘હું પણ એવું માનું છું. કામ તો બધા નિયમો મુજબ જ થવાનાં, પણ શું થાય આજકાલ રાજનીતિ એટલી મોંઘી થઈ ગઈ છે કે અમારે તેમાં મૂલ્યો (કિંમત) ની વાત કરવી પડે છે. જુઓને એમ.એલ.એ.ની ચૂંટણી લડવા માટે વીસ પચ્ચીસ લાખ થઈ ગયા. એમ કરો તમે મારા પી.એ. સાથે વાત કરી લો. તે વ્યાજબી કિંમતે તમારું કામ કરાવી આપશે.’ એટલું કહીં એ મીટીંગમાં જવા લાગ્યા એટલે મેં કહ્યું, ‘સર, ખરેખર તો આ અન્યાય છે. આનો મતલબ તો એ કે તમે લુખ્ખાં નારાં આપ્યાં છે.’

‘ભાઈ, જે સમજો તે, મેં તમને કહી દીધું. બાકી આ બધું મુખ્યમંત્રીજીએ ચલાવ્યું છે. હું તેમને પૂછી જોઈશ કે આનો આશય હું સમજું છું એ જ છે કે બીજો કંઈ.’ હું હારી થાકીને પહેલાવાળા અધિકારી પાસે પહોંચ્યો. અને કહ્યું, ‘સાહેબ’ તમે અંતરયામી છો. મારું કામ તમે જ કરાવી આપો. તમારા શિષ્ટાચારની ફી રુપે લ્યો આ બે હજાર. તેમને કહ્યું, ‘મેં તો તમને પહેલાં જ કહેલું કે મૂલ્યો પર આધારિત રાજનીતિ નો મતલબ આ છે. પણ તમે ખાલી અથમા નારાજ થઈ ગયા. જાવ, કાલે તમારો ઓર્ડર થઈ જશે.’

### ફોન પરત કર્યો..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છે ત્યારે તેમને અક્ષયભાઈએ રૂબરૂ મળવા બોલાવ્યા હતા. રૂબરૂ મુલાકાતમાં ખબર પડી કે જેનો મોબાઈલ ખોવાયો છે તેમનું નામ અજિતસિંહ છે અને તેઓ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ છે. બીલ તથા મોબાઈલ નંબર વગેરેની ખરાઈ કરી અક્ષયભાઈએ તેમને મોબાઈલ ફોન પરત કરતા અજિતસિંહની ખુશીનો પાર રહ્યો નહોતો તેમણે આ પ્રમાણિકતાના બદલામાં અક્ષયભાઈને રોકડ ઈનામ આપવાની તૈયારી દર્શાવી પરંતુ અક્ષયભાઈએ આદરપૂર્વક નકારી દીધી હતી. ખરેખર સલામ છે અક્ષયભાઈની પ્રમાણિકતાને...!!

### અમેરિકા સાથ આપે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદને રોકવાની બાબત સરળ નથી પરંતુ તેને અસરકારકરીતે હાથ ધરી શકાય છે. બલૂચે કહ્યું છે કે, બલૂચિસ્તાન આશા રાખે છે કે, પાકિસ્તાનના કબજાના ૬૮ વર્ષના ગાળા બાદ પાકિસ્તાનની સ્વતંત્રતા બાદ પણ માનવ અધિકારના ભંગ થઈ રહ્યા છે. બલૂચમાં માનવતાની સામે અપરાધ થઈ રહ્યા છે. આના માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવવાની જરૂર છે. અમેરિકા અને યુરોપ નરેન્દ્ર મોદીને સાથ આપે તે જરૂરી છે. બલૂચિસ્તાન પર નિવેદન બદલ મોદીનો આભાર માનતા બલૂચ રિપબ્લિકન પાર્ટીના અધ્યક્ષ બ્રહમદાગ બુગતીએ વિડિયો જારી કરીને કહ્યું છે કે, ભારત સરકાર, ભારતીય મિડિયા અને ભારત દેશના લોકો હવે બલૂચ રાષ્ટ્ર માટે અવાજ ઉઠાવી રહ્યા છે. આઝાદ બલૂચ અભિયાન પણ ચલાવવા માંગે છે. હાલમાં બલૂચિસ્તાનના કેટલાક ભાગોમાં રક્તપાતનો દોર ચાલી રહ્યો છે. બુગતીએ કહ્યું હતું કે, કાશ્મીરમાં પાકિસ્તાનની વિધ્વંસકારી નીતિ રહી છે. ભારતમાં મુંબઈ, પઠાણકોટ જેવા ત્રાસવાદી હુમલામાં પાકિસ્તાનની સીધી સંડોવણી સપાટી ઉપર આવી ચુકી છે. પાકિસ્તાન કાશ્મીરમાં ઉશ્કેરણીજનક કૃત્યો કરી રહી છે. બલૂચિસ્તાનના પાકિસ્તાન તાકાત ઉપર બલૂચ નેતાઓની માંગણીને દબાવવાના પ્રયાસ કરી રહ્યું છે.


### જાહેર નિવિદા

પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, પોલીસ ભવન, ચોથો માળ, સેક્ટર-૧૮, ગુ.રા. ગાંધીનગરની કચેરી માટે રીકો કંપનીના મોડલ નં. એમ.પી.સી.-૨૦૩૦ તથા એમ.પી.-૨૫૦૧ ઝેરોક્ષ મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ આપવાનો હોય. રસ ધરાવતી સંસ્થાઓ / પેઢીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. કોન્ટ્રાક્ટ આપવા માટે ટેન્ડરોની શરતો દર્શાવતું ફોર્મ અત્રેની કચેરીના ચાલુ કામકાજના દિવસોએ બપોરના ત્રણ થી પાંચ વાગ્યા સુધીમાં તા. ૨૪/૮/૨૦૧૬થી તા. ૩૧/૮/૨૦૧૬ સુધીમાં કેશીયર પાસેથી રૂ. ૧૦૦/- જમા કરાવી રજીસ્ટ્રી-૨ શાખામાંથી મેળવી તા. ૮/૯/૨૦૧૬ સુધીમાં અત્રેની કચેરીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. ત્યારબાદ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

‘પોલીસ મહાનિદેશકશ્રીના હુમકથી’

સહી/-
(એમ. એન. પઠાણ)
ઈન્ચા. પોલીસ અધિક્ષક (વહીવટ)
સી.આઈ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ
ગુ.રા. ગાંધીનગર

માહિતી/૧૨૬૪/૧૬-૧૭